# મોડાસામાં સામાજિક અગ્રણી પર ફાયરીંગ

## નમાઝ અદા કરી પરત ફરતા ઉસ્માન લાલા પર વહેલી સવારે બે અજાણ્યા બાઈક સવાર શખ્સો ફાયરીંગ કરી ફરાર થતા ચકચાર

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં શનિવારે વહેલી સવારે ઉસ્માન લાલા નમાઝ અદા કરી ફરત ફરી રહ્યા હતા ત્યારે તેમની એક્ટીવા નજીક ડુગરવાડા રોડ પર આવેલી સમા સોસાયટી નજીક બે અજાણ્યા બાઈકસવાર શખ્સો તેની એક્ટીવા સ્કૂટર નજીક ધસી આવી બાઈક પાછળ બેઠેલા શખ્સે તેના હાથમાં રહેલા તમંચા (રીવોલ્વર)થી ફાયરીંગ કરતા બંદૂકની ગોળી મુસ્લીમ અગ્રણીના શરીરના પેટના ભાગે ઘસડાઈ પસાર થઈ જતા આબાદ બચાવ થયો હતો. ડુગરવાડા રોડ પર વહેલી સવારે ફાયરીંગનો ધડાકો થતા સોસાયટીના રહીશો બહાર દોડી આવ્યા હતા. આ ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસને થતા તાબડતોબ ઘટનાસ્થળે ધસી આવી બે અજાણ્યા બાઈકસવાર શખ્સો સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર થોડાક વર્ષો અગાઉ કાઠી દરબાર પર તેના વતનના લોકોએ અંગત અદાવતમાં વહેલી સવારે બંદૂકના ધડાકે મારી નાખવાની ઘટના જેવી દૂર્ઘટનાનું પુનરાવર્તન થતાં સહેજ માટે રહી ગયું હતું. મોડાસા શહેરના મુસ્લીમ સમાજના અગ્રણી અને ગુજરાત જમીયતે ઉલમાહિંદ સંસ્થાના જોઈન્ટ સેક્રેટરી અને અન્ય સામાજીક સંસ્થાઓ જોડે જોડાયેલા ઉસ્માનગની ઉર્ફે લાલા યાકુબભાઈ સુથાર શનિવારે વહેલી સવારે ફરજની નમાજ મક્કા મસ્જીદમાં અદા કર્યા બાદ તેમનુ એક્ટીવા-







સ્કૂટર (ગાડી નં. જીજે.૦૯.સીએન.૮૩૭૩) લઈ ઘર તરફ આવી રહ્યા હતા ત્યારે સમા સોસાયટી નજીક બે અજાણ્યા શખ્સો માથે રૂમાલ બાંધી તેમની તરફ ધસી આવી ઉસ્માન લાલા કંઈ સમજે તે પહેલા પાછળ બેઠેલા શખ્સે તેની પાસે રહેલી રીવોલ્વર (તમંચો) ઉસ્માન લાલા તરફ તાકી ફાયરીંગ કરતા ફાયરીંગ કરનાર શખ્સ નીશાન ચુકતા ગોળી તેમના પેટ નજીકથી છૂમ દઈ ઘસાઈ નીકળી જતા પેટાના ભાગે ઘસરકા પડી ઝભ્ભો ફાટી ગયો હતો અને કાળા ડાઘા પડી ગયા હતા. મુસ્લીમ અગ્રણી કંઈ સમજે તે પહેલા બન્ને શખ્સો બાઈક લઈ ફરાર થઈ ગયા હતા.

વહેલી પરોઢે ગોળીબારનો અવાજ સાંભળી લોકો દોડી આવ્યા હતા અને ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસને કરતા તાબડતોબ પોલીસ કાફલો ઘટનાસ્થળે ધસી આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રીવોલ્વર ફાયરીંગ કરવાની ઘટનાથી અરવલ્લી જિલ્લામાં ચકચાર મચી ગઈ હતી. મોડાસા ટાઉન પોલીસે ઉસ્માનલાલાની ફરિયાદના આધારે બે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ખૂનની કોશીશનો ગુન્હો નોંધી ગેરકાયદેસર પીસ્તોલ ધરાવનાર બે શખ્સો સામે ઈપીકો કલમ ૩૦૭, ૧૧૪ તથા આર્મ એક્ટ કલમ ૨૫(૧-બી) તથા જીપીએક્ટ કલમ ૧૩૫ મુજબ ગુન્હો નોંધી બન્ને અજાણ્યા બાઈક સવાર હૂમલાખોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા શહેરના લઘુમતિ વિસ્તારમાં વહેલી પરોઢે ફાયરીંગની ઘટના બનતા શહેર સહિત અરવલ્લી જિલ્લામાં ભારે હડકંપ મચી ગયો હતો અને મુસ્લીમ અગ્રણી પર ધંધાકીય હરિફાઈ કે પછી અંગત અદાવતમાં કે અન્ય કોઈ કારણસર ફાયરીંગ કરવામાં આવ્યુ હશે તે ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની હતી. બે અજાણ્યા બાઈક સવાર શખ્સો સામે સખ્ત કાર્યવાહી કરી ઝડપી કામગીરી કરી ઝડપી પાડવામાં આવે તેવી મુસ્લીમ સમાજ અને અગ્રણીઓએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને ઉગ્ર રજૂઆત કરી હતી.

# પ્રાંતિજ ખાતે દોઢ વર્ષ પહેલા થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો

### ૫૦,૮૦૦ના મુદ્દામાલ સહિત ચાર આરોપીઓમાંથી ત્રણ આરોપીઓ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ પોલીસે ઝડપી પાડયાં : પ્રાંતિજ પોલીસ દ્વારા મુદ્દામાલ સહિત ત્રણ આરોપીઓને કસ્ટડીમાં લઇ કોર્ટમાં હાજર કરી રીમાન્ડની માંગણી કરી

પ્રાંતિજ, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના ટુડોર પાસે દોડ વર્ષ પહેલા ભિલોડાની મહિલાને રીક્ષામાં બેસાડી નજર ચુક કરીને મહિલાના પાકીટમાંથી ૫૦,૮૦૦ ના સોનાના લોદરા જતી રીક્ષામાં પ્રવિણાબા અજીતસિંહ રાઠોડ બેઠા હતા ત્યારે રીક્ષામા અગાઉ ચાર ઈસમો બેઠેલા હતા અને રીક્ષા આગળ જવા દઈને પ્રવિણાબાની નજર ચુક કરી તેમના પાકીટમાંથી સોનાના દાગીના કાઢી ૫૦,૮૦૦ના કાઢી લીધા હતા અને મહિલા પ્રવિણાબા અજીતસિંહ રાઠોડ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવી હતી જયારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીઓને પુછપરછ દરમ્યાન



દાગીના કાઢી લેતા મહિલા દ્વારા જે તે સમયે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં આ અંગેની ફરીયાદ કરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મેળતી માહિતી મુજબ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ત્રણ આરોપીઓની ચોરીના મુદ્દામાલ સાથે અટકાયત કરવામાં આવી હતી અને આરોપીઓને વધુ પુછપરછ કરવામાં આવતાં દોડ વર્ષ અગાઉ પ્રાંતિજના ટુડોર પાસેથી અરવલ્લી જિલ્લાના પ્રવિણાબા અજીતસિંહ રાઠોડ રહે. ટાકાટુકા તા. ભિલોડા તેવો એ તા.૧૭-૧૦-૨૦૧૫ ના રોજ બાળકો સાથે પ્રાંતિજના ટુડોરથી લીધાં હતાં અને તેવોને ખબર પડતા તવોએ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા રીક્ષાચાલક તથા ચોર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરેલી અને જે તે વખતે પોલીસ દ્વારા તપાસ થઈ હતી પણ મુદ્દામાલ કે આરોપીઓ મળી આવ્યા ન હતા. ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ત્રણ આરોપીઓને સોનાના દાગીના મુદ્દામાલ સાથે પકડી પાડતા પુછપરછ કરતા પુછપરછ દરમ્યાન પ્રાંતિજના ટુડોર પાસેથી મહિલાને રીક્ષામાં બેસાડી મહિલાના પાકીટમાંથી દોડ વર્ષ પહેલાં સોનાના દાગીના જે તે વખતે જેની કિંમત- ગુનાની કબુલાત કરતાં પ્રાંતિજ પોલીસને સોંપવામાં આવ્યા હતા અને ત્રણે આરોપીઓ રણજીતસિંહ સુરેશભાઈ વાદી રહે દહેગામ, ફિરોજ ઉર્ફે બેરીયો અબ્દુલ મહેબુબભાઈ શેખ રહે દહેગામ હાલ રહે. હિંમતનગર, સતીષ ચમનભાઈ બાલાભાઈ પરમાર રહે. નરોડા, અમદાવાદ જેમાં સતીષ પાસેથી પોલીસે મુદ્દામાલ જપ્ત કર્યો છે અને રણજીતની રીક્ષા હતી અને મુદ્દામાલ રીકવર કરી ત્રણેયેને પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ કોર્ટ માં હાજર કરી રીમાન્ડની માંગણી કરવામાં આવી હતી અને વધુ તપાસ હાથ ધરી છે.



## થરા ખાતે એક દુકાનમાં આગ લાગતા દોડધામ

કાંકરેજ તાલુકાના મુખ્ય વેપારી મથક થરા ખાતે આવેલ ઠાકોર રમેશ ભવાજીની શાકભાજીની દુકાનમાં તા. ૨૯-૪-૧૭ના રોજ બપોરના સુમારે કોઈ કારણોસર આગ લાગી હતી. આ બાબતે લોકોમાં દોડધામ મચી જવા પામી હતી. થરા નગરપાલિકાના ફાયર ફાઈટરને જાણ કરતાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પરંતુ ફાયર ફાઈટર દ્વારા પાણીનો છંટકાવવામાં વિલંબ કરતા આગમાં દુકાન બળીને ખાખ થઈ ગઈ હતી. ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને થરા પોલીસ સ્ટેશને જાણ કરવામાં આવી હતી. પરંતુ ઘટનાસ્થળ પર પોલીસ આવી શકી ન હતી. જેથી લોકો દ્વારા ફાયર ફાઈટરોની કામગીરી અને પોલીસ સ્થળ પર ન આવવાથી લોકો નિરાસ થયા હતા. ઘટનાસ્થળે લોકોની ભીડ હોવાથી ટ્રાફિક જામ થઈ જવા પામ્યુ હતુ.

## નેત્રામલી એચ.ડી.એફ.સી.બેંકનું એ.ટી.એમ. શોભાના ગાંઠીયા સમાન

ભિલોડા,તા.૨૯

ઈડર તાલુકાના નેત્રામલી ગામની એચ.ડી.એફ.સી. બેંકનું એ.ટી.એમ. શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યું છે. એ.ટી.એમ. કાર્ડ ધારકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. નેત્રામલી એચ.ડી.એફ.સી. બેંકનું એ.ટી.એમ. વારંવાર ખોટકાતાં એ.ટી.એમ. કાર્ડ ધારકો આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. નેત્રામલી ગ્રામ પંચાયત ડે.સરપંચ નરેન્દ્રસિંહ કુંપાવત, પશુપાલકો, ખેડુતો,ગ્રામજનોના જણાવ્યા મુજબ નેત્રામલી એચ.ડી.એફ.સી. બેંકનું એ.ટી.એમ. વારંવાર ઠપ્પ થઈ જતાં એ.ટી.એમ. કાર્ડધારકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. હજ્જારો ગ્રાહકોના ખાતાઓમાં રૂપિયા હોવા છતાં ક્યારેક કેશ હોય તો કનેક્ટીવીટી ના હોય અને કનેક્ટીવીટી હોય ત્યારે કેશ ના હોય જેના કારણે એ.ટી.એમ. કાર્ડ ધારકોને ધરમધક્કા ખાવાનો વારો આવતો હોય છે. નેત્રામલી ગ્રામજનો ભારે મુશ્કેલીમાં મુંકાયા છે. નેત્રામલી એચ.ડી.એફ.સી. બેંકનું એ.ટી.એમ.સત્વરે કાર્યરત કરાય તેવી એ.ટી.એમ. કાર્ડધારકોની પ્રબળ લોકમાંગણી છે.

# ડીસાના કંસારી પાસે ટ્રેલરે ટક્કર મારતાં ઉંબરીના બાઈકચાલકનું મોત

ડીસા, તા.૨૯

ડીસા તાલુકામાં અકસ્માતોની વણજાર હજુ વણથંભી જ છે ત્યારે ગતરોજ ફરીથી ડીસાના કંસારી બસ સ્ટેન્ડ વાઘેલા સાથે બાઈક પર ડીસાથી ધાનેરા તરફ જઈ રહ્યા હતા જે વખતે તેઓ કંસારીથી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન પાછળથી આવી રહેલા ટ્રેઈલર ચાલકે જોરદાર ટક્કર મારતા



આગળ જ ટ્રેલર ચાલકે બાઈકને અડફેટે લેતા બાઈક ચાલકનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતું. જે અંગે ડીસા તાલુકા પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

ડીસા ધાનેરા રોડ પર આવેલ કંસારી ગામ નજીક બાઈક ચાલકને ટ્રેઈલરે પાછળથી ટક્કર મારતા સર્જાયેલા અકસ્માતમાં એકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જેમાં ઉંબરીના રહેવાસી નટુભા શાંતુભા વાઘેલા તેમના ભાઈ વિષ્ણુભા બાઈક સવાર બંને રોડ પર પટકાયા હતા. જેમાં બાઈક ચાલક નટુભા વાઘેલાને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે તેમના ભાઈ વિષ્ણુભા વાઘેલા નાની મોટી ઈજાઓ પહોંચતા તેમને સારવાર માટે ખસેડાયા હતા. આ ઘટનાની જાણ થતાંજ આજુબાજુના લોકોએ દોડી આવી પોલીસને જાણ કરતા પોલીસે પણ બનાવ સ્થળે દોડી જઈ અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## પ્રાંતિજના પિલુદ્રાની પરણિતા બે બાળકો સાથે ક્યાંક ચાલ્યાં જતાં પતિ દ્વારા પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પીલુંદ્રા ગામે રહેતી પરણીતા મહિલા પોતાના બે બાળકો સાથે ઘરેથી ચાલ્યાં જતા મહિલાના પતિ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન પરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના પીલુદ્રા ગામે રહેતા રાજેન્દ્રભાઈ દશરથભાઈ પટેલ કે જેવોની પત્નિ સેજલબેન રાજેન્દ્રકુમાર તા.૨૭-૪-૨૦૧૭ ને ગુરૂવારના રોજ પીલુદ્રા તેમના ઘરેથી સવારના દસ કલાકે કોઈને ઘરમાં કીધા વગર પોતાના બે નાના બાળકો સાથે ઘરેથી જતા રહેતા મહિલાના પતિ રાજેન્દ્રકુમાર દ્વારા સંગાસંધીઓના ઘરે અને શોધખોળ બાદ કોઈ જગ્યાએથી તેમના પત્નિ સેજલબેન મળી ના આવતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં રાજેન્દ્રકુમાર દશરથભાઈ પટેલ ઉ. વર્ષ-૩૫ દ્વારા પોતાની પત્નિ બાળકો સાથે ક્યાંક ચાલ્યાં જતાં પ્રાંતિજ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ કરતા પોલીસે ફરીયાદ લખીને આગળની તપાસ હાથ ધરી છે.

# અરવલ્લી જિલ્લાના ભૂમિપૂત્રોએ નવા કૃષિ વર્ષના વધામણા કરી પ્રારંભ કર્યો

અરવલ્લી, તા. ૨૯

વૈશાખ સુદ-૩ એટલે અખાત્રીજ (અક્ષયતૃતીયા)નો દિવસ એટલે શુભકાર્યોતેમજ પ્રસંગો સાથે હર્ષોલ્લાસથી પોતાના ઓજારો હળ તૈયાર કરી બળદોના શિંગડાને રંગ-રોગાન કરી નવા પોષાક પહેરી સાગમટે ગામના અને શહેરી



માટેનો વર્ષનો શ્રેષ્ઠ દિવસ અને ખેડૂતોના ખેતીકામ માટેનું નવુ વર્ષ, અખાત્રીજના દિવસે ખેડૂતપુત્રોએ ભૂમિપૂજન તેમજ પશુઓ તથા ખેતીના ઓજારોને પૂજન કરવાની સાથે ખેતરમાં જઈ ક્ષેત્રપાળનો દિવો-ધૂપ કરી કંસાર તથા ખીચડીનો પ્રસાદ વહેંચણી કરી નવા કૃષિ વર્ષના વધામણા કરી એકબીજાને અભિનંદન પાઠવી નવા કૃષિ વર્ષનો પ્રારંભ કર્યો હતો.

ભૂમિપુત્રોએ હળ ભેડી દઈને ખેતર ખેડી ખાતમુહૂર્ત કર્યુ હતુ. દર વર્ષની શણગારી, બળદોના મોં મીઠા કરાવી વિતેલા વર્ષનુ દુઃખ જતુ કરીને આજે નવા વર્ષનો ઉમંગભેર ઉલ્લાસપૂર્વક ખંતથી પ્રારંભ કર્યો હતો. અને આખા વર્ષ દરમિયાન ખેતરમાં કયા પ્રકારના પાક લેવા તેનુ આયોજન કર્યુ હતુ. તેમજ ગતવર્ષના ખેતીમાં થયેલા ધંધા-નુકશાન અંગે સરવૈયું નિકાળવાની સાથે ખેતી માટે રાખેલ ખેતમજૂરો અને ભાગીયાઓના હિસાબો સમેટી લઈ નવા વર્ષનું કામકાજ સોંપવામાં આવ્યુ હતુ. ખેતમજૂરી કરતા ખેતમજૂરો પણ અખાત્રીજના દિવસે પોતાની સૂઝ-બુઝ વાપરીને ખેતરમાલિકો સાથે રાજીખુશીથી છુટા થઈ પોતાના મનપસંદ લાગતા ભૂમિપુત્રો સાથે અખાત્રીજથી



અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોટી ઈસરોલ સાકરીયા મેઢાસણ સહિત જીલ્લાભરના ભૂમિપુત્રોએ અખાત્રીજના દિવસે પૂજન વિધિ પૂર્ણ કરી આજથી તેમના નવા કૃષિ વર્ષનો ઉમંગભેર પ્રારંભ કર્યો હતો. જેમાં જિલ્લાના ખેડૂતપુત્રોએ પરિવારના સભ્યો જેમ આ વર્ષે પણ અખાત્રીજે વહેલી સવારે સૌ ભૂમિપુત્રો એક સાથે એક જગ્યાએ એક જ ખેતરમાં ભેગા મળીને એક સાથે જ હળ જોડીને ખેતરમાં પહોંચીને હળ જોતરીને ખેતીનુ મુહૂર્ત કર્યુ હતુ. જેમાં ભૂમિપુત્રોએ બળદગાડાને અખાત્રીજ સુધી મજૂરીનો કરાર કરતા હોય છે. મોટી ઈસરોલના ખેડૂત અગ્રણી ધુળાભાઈ ધર્માભાઈ પટેલે જણાવ્યું કે તિથિ ક્ષય હોઈ આજે બીજ અને ત્રીજ એક સાથે હોઈ અમે અખાત્રીજનુ ખેતી મુહૂર્ત આજથી કર્યુ છે.



પ્રધાનમંત્રી ઉજાલા યોજના અંતર્ગત ગેસ કનેક્શન વિતરણ જિલ્લા પુરવઠા અધિકારી કે.પી. પાટીદારના માર્ગદર્શન હેઠળ હિંમતનગર તાલુકાના વગાડી ગામે સેવા સેતુ કાર્યક્રમમાં રાખવામાં આવેલ જેમાં જે.એમ. પટેલ નાયબ મામલતદાર જિલ્લા પુરવઠા તથા સજ્જનસિંહ ચૌહાણ નાયબ મામલતદાર દ્વારા મામલતદાર કચેરી હિંમતનગરની ઉપસ્થિતિમાં ગેસ કનેક્શન વિતરણ કરવામાં આવ્યું.

# આજે સાબરકાંઠા જિલ્લા ભાજપની કારોબારી બેઠક

હિંમતનગર, તા. ૨૯

ભારતીય જનતા પક્ષની પ્રદેશની કારોબારી તાજતરમાં જ સોમનાથમાં મળી હતી. તેજ પ્રમાણે સાબરકાંઠા જિલ્લા ભાજપની કારોબારી બેઠક વનવાસી વિસ્તાર સાબરકાંઠા જિલ્લાનું અંતરિયાળ વિસ્તાર પોશીના ખાતે ૩૦મી એપ્રિલે મળશે જેમાં આ બેઠક વિશે માહિતી આપતા જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલે જણાવેલ કે, રાષ્ટ્રીય અધ્યક્ષ માનનીય અમીતભાઈ શાહ તથા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમજ અન્ય રાષ્ટ્રીય તેમજ પ્રદેશના હોદ્દેદારો દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. તેની ચર્ચા આ બેઠકમાં કરવામાં આવશે અને આગામી વિધાનસભાની ચુંટણી મુખ્ય વિષય રહેશે. આ બેઠકમાં વિવિધ રાજકીય પ્રસ્તાવો તેમજ કેન્દ્ર સરકારને અભિનંદન પ્રસ્તાવ પણ રજુ કરવામાં આવશે. બેઠક બાદ જિલ્લાના ૧૪ મંડલોની પણ બેઠક યોજાશે.